॥ तत्सत् परमात्मने नम ॥

શ્રી વિશ્વરંગ નાટક સમાજ.

રૂકમીણી સ્વયંવર.

નાટકના ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી વિ. ના. } મી. દાદુભાઇ મીઠાભાઇ
સ. ના માલેકો } મી. હિમ્મતરામ કાળુભાઈ

હાલ મુકામ—સ્ટેશન રોડ—જયોર્જ થીએટર—સુરત

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૫] કીમત ૦-૩-૦ [સને ૧૯૧૯

આ પુસ્તક સુરત લીમડાચોકમાં આવેલા "દેશી મિત્ર"
પ્રેસમાં મગનલાલ વનમાળીદાસે છાપ્યું છે.

રૂકમીણી સ્વયંવર નાટકનો ટુંક સાર.

(મંગળાચરણ) અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—કૃષ્ણ પ્રત્યે વરભાવ દર્શાવતો શીશુપાળ. તેના મીત્ર રૂકમીનું આવવું, રૂકમીણીના સ્વયંવરનું શીશુપાળને આમંત્રણ, બનેનું કુડીનપુર જવું.

પ્રવેશ ૨ જો—રૂકમીણી તથા સખીઓનો હાસ્યવીનોદ, રૂકમીણીનો કૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ, રૂકમીનું આવવું, શીશુપાળનેજ વરમાળા પહેરાવવા કહેવું, રૂકમીણીનો કૃષ્ણને સંદેશ.

પ્રવેસ ૩ જો—સત્યભામાની સખી નાગરીકાપર મોહાશકત થએલ મદનસેનનું નાગરીકાની છબી લઇ આવવુ, નાગરીકાનો મેળાપ, પ્રેમની માગણી, નાગરીકાનો ઇન્કાર, મદનસેનની બાળજોરી, શ્રીદામાનું આવવું, મદનને માર પડવો, બાદ મદનની સ્ત્રી રતીનું આવવું, મદનની કઢંગી સ્થીતી, મદન તથા રતીનું જવું. ત્યારબાદ શ્રીમાદા તથા નાગરીકાનો શંગારીક ઝાંખવાળો હાસ્યવીનોદ, તથા કૃષ્ણ તેમજ સત્યભામાને સુવર્ણ સરોજ બાગમાં મેળવવા બનેનો સંકેત અને જવું

પ્રવેશ ૪ થો—સંકેત પ્રમાણે કૃષ્ણ લઇ શ્રીમાદાનું સુવર્ણ સરોજ બાગમાં આવવું, મણીચોર તરીકે કૃષ્ણને ઉદેશતાં, સત્યભામાનું આવવું; સત્યભામા તથા કૃષ્ણનો પ્રેમ, સત્યભામાના પીતા સત્રાજીતનું આવવું, અને સત્યભામાને લઇ ચાલ્યા જવું. તેટલામાં

રૂકમીણીનો સંદેશ, પત્ર લઇ કનક માલીકાનું આવવું, પત્રની બીના જાણી રૂકમીણીના સ્વયંવરમાં જવા કૃષ્ણનું તુરત કુંડીનપુર તરફ વીદાય થવું.

પ્રવેશ ૫ મો—કૃષ્ણ કુંડીનપુરમાં આવ્યાના સમાચાર જાણી ખુશી થતા રૂકમીણી, શીશુપાળ તથા કૃષ્ણનું આવવું. યુદ્ધની તઇયારી, ભીષ્મક મહારાજનું આવવું. તકરારનું સમાધાન, બધાનુ જવું, રૂકમીણી તથા કનક માલીકાનું આવવું, કૃષ્ણ કુંડીનપુરમાં પધાર્યા છે, તેવા શુભ સમાચાર કનક માલીકાએ રૂકમણીને આપવા, તથા રૂકમી અને શીશુપાળ સાથે કૃષ્ણની બોલાચાલી થઇ તે વીશે પણ જાણ કરવી, રૂકમીણીની ચીન્તા અને પ્રભુ પ્રાર્થના.

પ્રવેશ ૬ ઠો—દાઠ માઠ કરી નાગરીકાને મળવા જવા માટે મદનસેનની તૈયારી, રતીએ મના કરવી, પરસ્પર ચકમક અને સલાહ બાદ સત્યભામાને સુવર્ણસરોજ બાગમાં કૃષ્ણદેવની મુલાકાતે લઇ ગયેલ હોવાથી શત્રાજીતે નોકરીમાંથી રજા આપેલ નાગરીકાનું શ્રીદામાપર ચીડાતા આવવું, શ્રીદામાનો મેળાપ, સત્યભામાને ઘરમાં કેદ કરેલ છે તે નાગરીકાદ્વારા શ્રીદામાએ જાણવું, જોશાનો વેશ લઇ સત્યભામાને મુકત કરવાના સાધનો માટે જવું. તથા આવતી કાલે ચોકસ જગ્યાએ મળવાનો નિશ્ચય કરી બનેનું વીદાય થવું.

પ્રવેશ ૭ મો—રૂકમણી સ્વયંવર શીશુપાળ, તથા રૂકમણી ઉધતાઇ, કૃષ્ણદેવની ગાંભીર્યતા, કથકૌશીક કૃષ્ણના મીત્રની ઉદારતા યુદ્ધની તૈયારી, રૂકમીણીના વીનવવાથી યુદ્ધ તથા સ્વયંવરનું બંધ રહેવુ [ડ્રોપ]

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—રૂકમણી પોતાને ન મળવાથી તથા સ્વયંવરમાં અપમાનીત થવાથી કૃષ્ણ, ભીષ્મક, તથા રૂકમણીપર ક્રોધ કરતો શીશુપાળ રૂકમીનું શાન્તવન, તથા રૂકમીણી શીશુપાળનેજ વરાવવાનો રૂકમીનો ઠરાવ બદલામાં શીશુપાળ તરફથી મહારાજા જરાસંધના સેનાપતીપદનો મુકુટ રૂકમીને ભેટ, રૂકમીએ તે મુકુટ રૂકમીણી પાસે મોકલાવવો અને શીશુપાળ સાથ લગ્ન કરવા ફરજ પાડવી.

પ્રવેશ ૨ જો—મુહેટને જોતી રૂકમીણી, કૃષ્ણદેવ પ્રત્યે પોતાનો અનન્ય પ્રેમ, ભીષ્મમહારાજનું આવવુ, કૃષ્ણદેવની મહત્તા, અને શીશુપાળ તથા રૂકમીની દુષ્ટતા વીશે તમના ઉદગાર, રૂકમીનું આવવું. શીશુપાળ સાથે પરણવા માટે રૂકમીણીને દબાવી તથા પીતાને પોતાની વાતમાં સામેલ થવા દમ, સામેલ ન થવાથી ભીષ્મક કેદ.

પ્રવેશ ૩ જો—વૈરીને થાપ આપી નાગરીકાની મુલાકાતે નીકળેલો મદનસેન શ્રીદામાનું બુઢા જોશીના ઘરામાં આવવું. સત્યભામાની મા ચારૂમતીને જ્યોતીષ વીદ્યાર્થી બની નાગરસભામાં નોકરી તથા સત્યભામાને કેદ કરેલા છે, તે ઓરડાની ચાવી ચોકસ જગ્યાએ કાયમ કરાવવી, બાદ નાગરીકાનો મેળાપ, પરસ્પર ગંમત, મદનસેનની મુલાકાત, તથા મદનસેનની ફત્તેહ.

પ્રવેશ ૪ થો—રૂકમણી તથા સખીનું આવવું, કૃષ્ણદેવનું ગોવાળ રુપે આવવું. પાછળથી કૃષ્ણરૂપ પ્રત્યક્ષ થવું રૂકમીણી હરણ.

પ્રવે ૫ મો—વીરહીણી સત્યભામા કૃષ્ણના વીચારમાં નાગરીકાનું આવવું, સત્યભામાને ધીરજ, સત્યભામાએ ચીતરેલી કૃષ્ણદેવની છબી લેઇ નાગરીકાનું જવું, સત્યભામા દુઃખદ સ્થીતી.

પ્રવેશ ૬ થો—શ્રીદામાપર ચીડાતી ગોપી, મદનસેનનું આવવું, [illegible]મા નાગરીકાને પરણાવવાનો છે, કહી ગોપીને વધારે ઉશ્કેરવી, [illegible] શ્રીદામાનું આવવું, મદનનો ગભરાટ, પેટીનો આશ્રય, પરીણામે [illegible]હેર થવું, મદનને માર.

પ્રવેશ ૭ મો—શ્રીકૃષ્ણ તથા રૂકમીણી દ્વારીકા તરફ રવાના, [illegible] કેટલાક સૈનીકોસહ આક્રમણ કરશે તેવા કથકૌશીક તરફથી [illegible]ને સમાચાર મળવા શ્રીકૃષ્ણનું નીકરપણું ભીષ્મક મહારાજને [illegible]ખાનામાંથી છોડાવી દ્વારીકા લઇ આવવા માટે શ્રીકૃષ્ણની કથ- [illegible]કને સુચનાં, રૂકમણીનું તથા બળરામનું સૈન્યસહ આવી પહોંચવું, [illegible]પર યુદ્ધ, રૂકમીનો પરાજય, રૂકમીણીના સ્નેહની ખાતર રૂકમીને [illegible] જાનથી ન મારતા કદરૂપ બનાવી છોડી દેવો. ડ્રોપ.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—પુત્રના હાથથી કેદ ભોગવતા દઃખદ સ્તીતીમાં [illegible]ક, કથકૌશીકનું આવવું, ભીષ્મકને મુક્ત કરી બંનેનું દ્વારીકા [illegible] વીદાય થવું.

પ્રવેશ ૨ જો—શ્રીકૃષ્ણથી હાર પામેલા રૂકમીને કેટલાએક [illegible]ઓનું શાન્તવન, રૂકમીનો આપઘાત કરવા નીશ્ચય, શીશુપાળે તેમ [illegible] અટકાવવો, અને ફરીથી મોટા બળ સાથે દ્વારીકાપર ચઢાઇ [illegible]નો ઠરાવ અને વીદાય થવું.

પ્રવેશ ૩ જો—સત્યભામાના વીયોગમાં કામથી પીડીત થતા કૃષ્ણ [illegible]માનું સત્યભામાના સમાચાર તથા શ્રીકૃષ્ણની સત્યભામાની ચીતરેલી

છબી લઇ આવવું, તેટલામાં રૂકમણીનું આવવું, હાસ્યવીનોદ રૂકમણી પાસે શ્રીદામા દ્વારા સત્યભામામા પ્રેમ સંબંધી ખુલાશો, રૂકમણીનું પ્રસન થવું, બધાનું જવું.

પ્રવેશ ૪ થો—મદનના વર્તનથી કંટાળી ગયેલી સ્ત્રી પોતાના પીતાને ત્યાં જવાની તૈયારીમાં, ત્યાં શ્રીદામાની સ્ત્રી ગોપીનું આવવું, અને રતીને ધીરજ, નાગરીકા શ્રીદામાની સાથેજ પરણનાર છે, તેવો ખુલાસો નાગરીકાના પ્રેમમાં પાછા પડેલ મદનનું આવવું, ગોપીદ્વારા મદનની કસોટી, રતીની ખાત્રી થવી, રતી તથા મદનનો સુખી સંસાર.

પ્રવેશ ૫ મો—સત્યભામાને મળવા માટે શ્રીકૃષ્ણનું શ્રીદામા સાથે આવવું, તેમજ સત્યભામા તથા નાગરીકાનું આવવું. શૃંગારીક વીનોદ, બાદ નારદનું આવનું, શ્રીકૃષ્ણ તથા સત્યભામાના તથા નાગરીકાના અને શ્રીદામાના લગ્ન, શત્રાજીત, ચારૂમતી, ભીષ્મક, રૂકમીણીનું આવવવું, ભીષ્મકના હાથે તથા શત્રાજીતના હાથે કૃષ્ણને કન્યાદાન, રૂકમી તથા શીશુપાળનું સૈન્યસહ ચડી આવવું, પરસ્પર યુદ્ધ, રૂકમી શીશુપાળનો પરાજય, રૂકમીણીના વીનવવાથી તેઓને જીવતદાન.

ॐ શાંતી. શાંતી. શાંતી.



શ્રી રૂકમીણી સ્વયંવર નાટકના પાત્રો.

પુરૂષ પાત્રો.

શ્રીકૃષ્ણ.........દ્વારીકાધીશ દીવ્યનાયક.
ભીષ્મક.........કંદીનપુરના મહારાજ, રૂકમીણીના પીતા
શિશુપાળ......રૂકમણી સાથે લગ્ન કરવાનો ઉમેદવાર જરાસંઘનો સેનાપતિ
રૂકમીયો..........ભીષ્મકનો પુત્ર, રૂકમણીનો ભાઇ
ક્રથકૈશીક.......શ્રી કૃષ્ણનો પરમ મીત્ર
સત્રાજીત.........સત્યભામાનો પીતા યાદવ
શ્રીદામા..........ગોવાળ, કૃષ્ણનો બાળમીત્ર
મદનસેન........દેવસેન યાદવનો પુત્ર, રતીનો પતી
નારદ, દરબારી દ્વારપાલ સેવક વીગેરે

સ્ત્રી પાત્રો.

રૂકમીણી........રાજા ભીષ્મકની પુત્રી. કૃષ્ણ પત્ની
સત્યભામા.......સત્રાજીત યાદવની પુત્રી કૃષ્ણની પત્ની
નાગરિકા.........સત્યભામાની સખી શ્રીદામાની સ્ત્રી
ગોપી.............શ્રીદામાની આહીર સ્ત્રી
રતિ..............મદનસેનની સ્ત્રી
ચારૂમતિ.........સત્યભામાની માતા
કનકમાલક......રૂકમણીની સખી
દાસ, દાસીઓ, વારાંગનાઓ. વીગેરે.

॥ तत्सत् परमात्मने नमः ॥

રૂકમીણી સ્વયંવર

નાટકનાં ગાયનો

સુત્રધાર— મંગળાચરણ.

શ્રી રાધાવરશ્યામ વંદુ પ્રભુ
પ્રીયના આલીંગને અંકીત જેના
ચંદન લીપ્ત શુભ ગાત્ર........વંદુ૦
ચંદ્રથી અંબર વન ભુમી સુંદર
વૃક્ષ ઘટા ઘન
રજની પરમ રમ્ય પ્રકાશ
યમુના તટીની કુંજવાસ રાધા માધવ વન વીલાસ
સુરત જનીત સ્વદેહાર સહીત શોભીત હૃદય ભાવ
સફળ કરો સફળ મનોકામ...........વંદુ૦

બાળાઓ—   ૧

ગાઓ રાધાવર શ્યામ ગોપીજન મન વીશ્રામ
                    યોગીજન મન આરામ આહા
ગોપી મન માન સરસ રસીયા રસરાજરે
યોગી મન માન સરસ વસીયા હંસરાજ એ
મધુર મુરલીના ગાને હા હા
ઘેલી કીધી વ્રજ વામ હા હા
નંદના નંદન જગદા નંદન વંદન ચરણુમાં....ગાઓ૰

બાળાઓ—   ૨

રૂપેરી રંગ રાતડી પુરણુ ચંદ્ર પ્રકાશ
કૃષ્ણુ ચંદ્ર સહુ કામીની રમતી રાસ વિલાસ
    હાંરે રંગ રસિયે રમાડી રાતલડી
    મધુરી મનને લોભાવતી સોહાવતી રીઝાવતી
    ઉર એમ ઉભરાય ચકોર ચંદ્રને જયમ ન્હાય
    જગત જીવનમય જણાય
વ્હાલો વગાડે વાંસળી ગોપી ગાવે ગીત
આનંદ વરસે અતી ઘણો, ભાંગી ભવની ભીત
    નૃત્ય સહુ તાળ કરે લેતાં
    રમ્યા રસ રાજથી રંગની રેલ
    દુઃખડાં દુર થયારે લોલ—

રૂકમીણી—   ૩

સુંદરવર શ્યામ શરીર એ મોહન મુર્તિ મનોહારી
નવીન નવીન સુંદરતા ભરી જ્યાં

નીરખી નયન અમૃત રસ પીતા
તૃષીત ચક્ષુ રહી મારી
જ્યાં જ્યાં દ્રષ્ટી ફરતી મારી ત્યાં રાધાવર કુંજ બીહારી
મુરલી અધરપર ધારી—

રૂકમીણી— ૪
સિત્ત ચોર એ નંદ કિશોર કને કહેજે સજની કરૂણા કરજો
નથી કાગળ આપણું લેખ વિધિ નથી અક્ષર અક્ષર પ્રેમ લિખજો
તેમાં સ્નેહની શાહી મેં પુરી દીધી વાંચીને દીનનાથ દુખ હરજો—
સોંપ્યુ મેં તનમન પ્રિયતમ તમને દરકાર બીજાની ન લેશ મને
દીલ નાવડુ આપ સુકાની કને હવે આપજ હાથ હરી ધરજો—
સખી—અધીરા સખી એ ગિરધારી તને
મળશે હૃષીકેશ મુરારી તને
સખી સીંચશે સ્નેહનું વારી તને
વર વલ્લભ એ વ્હાલથી વરજો—

નાગરિકા— ૫
જેને જોબન (૨) નું જોર
તેના ચીતડામાં ચોર કોરે કાળજડાની કોર—
રસ સાગરમાં નાચ નચાવે, લોચનમાં રસ ઓરજ આવે
અંગને નવીન ઓપ ચડાવે,
એકજ વાત એ ધ્યાનમાં આવે,
નાવલીયો આવી નેહથી બાંધે, દીલડાં કેરો દોર—જેને

નાગરિકા તથા શ્રીદામો ૬

નાગરિકા—રત્ન કુંદનનો યોગ હંસ પદ્મિનીનો સંયોગ
એજ વર વધુને યોગ્ય વસુદેવ નંદ એ—
સોનુ ન મળે સુગંધ એથી શો ભલો સંબંધ
ખીલશે કુમુદ ભોળી જોઇ કૃષ્ણ ચંદ્રને—

શ્રીદામા—સ્નેહે સમજાવી શ્રીગોપાળને બોલાવી લાવું
લામાથી ભેટાડુ મારા ભાઇબંધને
વૃક્ષ વેલી મેળવીને કેળવી ગોવાળ કળા
વરાવું કુંવારી કન્યા નંદ નંદને

સત્યભામા— ૭

મણીના ચોર એ મુરારીરે નટવર ગીરધારી
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર
નવલ યુવતીના નવલ યુવામણી ચોરે નંદકીશોર
નવનીતના રમણી અધર રસના રસીયા
નંદ કીશોર રમણી—
જળરે જમુનામાં અમો જળ ક્રિડા કરતાં બાઇ
ડાકોર આવ્યા તે ઠાર (૨)
હરી વસ્ત્ર બેઠો વટના વૃક્ષરે કપટી કાનુડો
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર
સંધ્યા સમય જળ જમુના હું ભરવા ગઇતી

જબરૂ કીધું ત્યાં જોર (૨)
માટને ફોડી નીર ઢાળી બતાવ્યો તોર
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર—

સત્યભામા તથા કૃષ્ણ— ૮

સત્યભામા—હાં હાં રે કર મૂકો મોહનજી મારો
કાંઇ શરમ શ્યામળા ધારો
અહીં નથી યમુનાનો આરો—
હું છું ભોળી રાજકુમારી જાણો નહી વૃજનારી.
ગિરધારી હું હારી
કૃષ્ણ—છે પ્રેમ રંગ કઇ ન્યારો તું રસ સરીતાનો આરો
હું પ્રેમ પિપાસુ તારો—કર મુકો૦

કૃષ્ણ— ૯

અખીલ વિશ્વના સૃષ્ટિ પાલન કર્તા કૃષ્ણ કૃપાલ
કેશવ કર્તા કૃષ્ણ કૃપાલ
ધર્મ ઉધ્ધારણ કારણ પ્રગટયા આપજ દીન દયાળ
નટવર આપજ દીનદયાળ
આપ ચરણમાં કરે પ્રાર્થના કુંડિન નૃપની બાળ
રાજહંસી કુંવરી હૃદયથી માનસવાસી મરાલ
કદી હંસણી હરશે વાયસ શિશુપાળ વિકાળ
પ્રાણ તજીશ તેથી ઉદ્ધારી લેજો હરી સંભાળ—

રૂકમીણી—   ૧૦

ડુબતી નાવ છે અમારી મુરારી લેજો તારી તમે
આત્મ સખા અંતરની સમજો આપજ હૃદય વિહારી
આપ શેરણુ વીણુ ભવસાગરમાં કોણુ ગતિ છે મારી
દુ:ખ તણા વાદળ ઘનઘોરે રેન દીસે દુ:ખીયારી
પ્રેમ રવી વીણુ તિમિર ન ટાળે ઝાંખી જ્યોત બીચારી
—મુરારી૦

રતિ—   ૧૧

મુખડાના મીઠા છો ઠગારારે અંતરના ખારા
જાણ્યા મેં પુરા ધુતારા
હાલી મવાલી જેવા મતલબીયા મીત્ર મળ્યા છે
સંસાર સુખથી વ્હાલા અમને અળગા કર્યા છે
પનારા તમથી શા પડયા છેરે—અંતર૦
અમે છોને ઝુરી મરીયે તમને તેની શી પરવા
ઉપરથી જુઠી પ્રીતિ રાખો અમને છેતરવા.
જાઓ સતાવે શું કરવારે—અંતર

નાગરિકા—   ૧૨

વાવ્યું ગોવાળીયાએ વેર પીટયાએ વાવ્યા જ્યાં ત્યાં ઝેર
રડયાંએ કરી મને જેર સખી વીના ગુનાએ જે
આશા અંતર એક હતી શ્યાને સખી પરણાવવીતી

પાટ સખી હું તો થતી આખી મેળવતાં
અર્ધી ખોઈ બાઇ બેઠી મારે ઘેર—
(ભાષણ) બાઇને બાગમાં લાવવા માટે મને કે ભંભેર
પાઘડી બળ્યાના પ્રપંચમાં બાઇ નવનું થયું તેર
ઉછેદીયો મનનો ઉંડો મારો રોયો બહુજ ભુંડો
હુત તને બેસવું પડે ઘેર.

સખીઓ— ૧૩

ધરી વરમાળા હે નૃપ બાળા મંડપ માંહી પધારશો
પ્રસન્ન મનથી ચંદ્ર વદનથી સ્વયંવર મંડપને શોભાવશો
મંગળ ચરણે કોણ નૃપવરના મંગળ મહેલ દીપાવશો
ભાગ્યશાળીકો ભુપતી કેરા વંશના વૃક્ષને વીસ્તારશો

રૂકમિણી— ૧૪

મુકુટથી એ કૃષ્ણ પદ રજ છે અમુલ્ય
અવર સકળ દુઃખ મુળ
શોભા સાગર નટવર નાગર નહી કોઇ એની તુલ્ય—
સહસ્ત્ર કીરણ રવીરાજ પ્રકાશે ત્યાં તારાનું શું મુલ્ય—

છોકરાઓ શ્રીદામા જોશી—૧૫

છોકરા—અલ્યા જુઓ ભાઇબંધ જોશી આવ્યા
ગપ ગોળા મારી ભોળા લોકોમાં ફાવ્યા
જોશી બુઆ પ્રણામ

જોશી—ભાઇ રામ રામ રામ
છોકરો—જોશી જુઓ મારો હાથ, મારા ભાગ્યની કો વાત
જોશી—અહીંથી જાવ કમજાત—
(છોકરા ભાષણ)
છોકરા—મારા જોશી બુઆ લે બોલ મારા હાથમાંની
વસ્તુનું નામ શું
મારા જોશી બુઆ લે બોલ મારા ખીસ્સામાં
રાખ્યા છે દામ શું
જોશી—પોલંમ પોલ ઢંમ ઢોલ માંહી પોલ

શ્રીદામા જોશી— ૧૬

ચાલ્યું પોલંમ પોલ જગતમાં ચાલ્યું પોલંમ પોલ
કોઇ કરે નહી તોલ જગતમાં ચાલ્યું પોલંમ પોલ
વહેમી ભોળા ને વીશ્વાસુ વળી પુરૂષાર્થ હીણુ
જોશી વચનપર શ્રદ્ધા રાખી થયા વતનથી હીન
કંઇક સટ્ટા વેપારે વળગ્યા જોશી વચન ગણી સત્ય
ભાગ્ય દશા માઠી સમજી કંઇ ખાએ ઘરના ગ્રથ

રૂકમિણી— ૧૭

પપૈયારે પીયુનો કહે કંઇ સંદેશ
તુંજ સમ સ્વર એ મોહન વરનો લલીત લીભંગી વેશ
મોર મુકુટ મકરાકૃત કુંડલ પીત વસન મૃદુ કેશ
કોટીક ચંદ્ર વૃજ ચંદ્રના આગળ થાય સદા ક્ષીણ તેજ—

રૂકમિણી—   ૧૮

યમુના તણા કીનારે ગોપાળ ગૌ ચરાવે
સંગીત સ્વર ઇશારે રાધા નીકટ બુલાવે
બંસી ધ્વની સુણીને શુધ્ધ દેહની ભુલીને
નીકળીને ઘરથી રાધા ગોપાળ સાથે આવે
યમુના સરિત કુંજે શૈયા કમળ બીછાવી
શ્રીકૃષ્ણ કર કમળથી રાધા ચરણ દબાવે

રૂકમિણી—   ૧૯

ગ્વાલન હું રાધા ગોરીરે ગોપાળ બન્યા ગવલીરે
જે વીશ્વના નિયંતા અજ એ રૂપ કર્તા
ભક્ત પ્રેમવશ પરમેશ્વર બન્યા મારા માર્ગ દર્શી
શુભ પ્રેમ પંથ બતાવો ભવ ભય હવે મીટાવો
મુજ અંધના નયન ઇશ્વર હૃદય લગાવો હર્ષી

સત્યભામા—   ૨૦

તમારા વિરહમાં વ્હાલા મને વૈભવ અકારો છે
સુકોમળ સર્વ અંગોમાં રહ્યા છો આપ અવિનાશી
ભુલો શું દર્શ પ્યાસીને ગુન્હો તો શો અમારો છે

હૃદયની પાંખડી ઉંઘડી સુધાના વહી રહ્યા ઝરણા
વૃથા તે આપ વીણુ સઘળું ઉગરવા ન કોઇ આરો છે.
વીયોગે આ શરીર બાળી બની શું ભસ્મ વનમાળી
ધ્વનિ તે ભસ્મથી નીકળે તુંહિ તુંહિજ પ્યારો છે.

શ્રીદામા-ગોપી— ૨૧

હાય તને જોતાં કંઇ કંઇ થાય છે
શું કરો છો હાય
જુવો ભાઇ પ્રપંચી આમ પીટાય છે
શું કરો છો હાય એને વાગી જાશે
અરે ચુપ રાંડ ચુપ— એને માફ કરો
પ્રેમી પંખીડુ પુરૂ પીંખાય છે (૨) ઓ ઓ ઓ
લાફાથી ચામડુ ચીરાય છે.
આમ જો લાફાથી ચામડુ ચીરાય છે.
તમે શું કરો છો હાય એને વાગી જશે
તને ખાય ખોડીયાર પડે મેલડીનો માર
સાથે જોગણીયું ચાર
મને મારી નાખ્યો (૨) હવે ભાગ જીવ ભાગ્ય

રૂકમિણી— ૨૨

હર્ષ આજ હૃદય ભારી જોઇ સમીપ શ્રી ગિરિધારી
રજ પુષ્પ સુગંધથી ગંધ વહે ચહેછે સરિતા પથ સાગરનો
વળી કોકીલ ગાન સુણાવી વદે મહિમા મુખથી નટ નાગરનો
તરૂ પલ્લવ ભૂમી સમીર હસે હસતા નીરખું નદીના ઝરણો
તૃણ અંકુર હર્ષ અતિ ધરતાં ફરતાં નીરખી હરીના ચરણો—

કૃષ્ણ— ૨૩

અહો હૃદયમણી તુજ વીરહે બની સ્થીતી અતી
દુઃખદાઇ દેહ દાહી—
સ્યામ કમળ સમ ગાત્ર સકળ મારા
કામ વીરહે થયા શ્વેત હો પ્રીય વામાં
તૃષીત ચાતક રહે નીત્ય તુજ પ્રીતી વારી

રૂકમણી— ૨૪

સુઘડ તે સદગુણશાળી નાર સ્વામીને સ્નેહે ભજેરે
પ્રીતમના પ્રીતે પુજે પાય શીયળ શૃંગાર સજેરે
સુકન્યા સતીના નીયમને ધારે
ધર્મ શાસ્ત્ર શુભ ગ્રંથ વીચારે
પતી ગુણ ગીતા ગાન સતી ભવ સીંધુ તરેરે—

સતીને પતી પરમેશ્વર દેવા
શુદ્ધ મનેથી કરતી સેવા
સ્વામી ભક્તિની ટેક વીજય વરમાળ વરેરે—

૨૫

મદન—રતિ સુંદરી સુજાણુ હવે તુંજ હૃદય વ્હાણુ
રસીક રમણી મનહારી મમ પ્રાણુ છો
રતિ—નાથ રાખો નિત નેહ મેહ અમીના વરસાવનાર વ્હાલા
ભવસિંધુનું વ્હાણુ છો—
મદન—ધારી પત્ની વૃત ટેક કરી દીલડાંને એક
રતિ—નેક અંતરથી આપને રીઝાવશું
મદન—આવ્યો ઠેકાણે હારી હવેથી તું એક પ્યારી
રતિ—સંગે સંસારને શોભાવશું

સત્યભામા કૃષ્ણ— ૨૬
નાગરીકા તથા શ્રીદામા—

સત્ય—મુકોને હાથ હે મુરારીરે હું રાજ કુંવારી—
કૃષ્ણ—શાને શરમાયે પ્રીય મારીરે જોબન મતવારી લલના છો
નવલ દુલારી
સત્ય—બાળી ભોળી હું બાળા કાંઇ નવ જાણું કૃષ્ણ
સારી નહીં ટેવ આ તમારીરે વીઠુલ વનમાળી

નાગરિકા—સમજીને સહીયર શાણી નાનાની તજીદે વાણી
સોંપી વરમાળ થા પટરાણીરે ગુણવંતી તારા મનની
જાણે છે ગિરિધારી—

શ્રીહામા—શુભ આ ચોઘડીયું સારૂં સાધન સર્વે શુભકારી
લગ્નને કુંવારા કુંજ વીહારીરે આ તક છે સારી મહેનત
સફળ થાય હમારી—

બધા— ૨૭

શી મનહર આજે શોભા છે મન લોભાય
શ્યામ સ્નેહેવર્યા રાજવર સુતા
યાદવ કુમારી આ સત્યભામા સુભગા જય વરદા સુખદા—

ૐ શાંતિ શાંતિ શાંતિ

સમાપ્ત.

સ્વદેશ સેવા) આયુર્વેદ શાસ્ત્રાધારે ચાલતું (એજ સ્વધર્મ

પધારો (**રાધાકૃષ્ણ ઔષધાલય.**) ખાત્રી કરો.

જેમાં તમામ દરદોની શાસ્ત્રોકત રીતે ચિકત્સા થાય છે. અને જાતી દેખરેખ નીચે બનાવેલી કાષ્ટિક દવાઓ તેમજ શુદ્ધ માત્રાઓ વપરાય છે. બાળકોના તેમજ સ્ત્રીઓના તમામ રોગોને ઇશ્વરેચ્છાથી મટાડીયે છીએ. " દરદ મટે પૈસા લેવા એ સાહસ અમો એકલાજ કરીએ છીયે" રૂબરૂ મલવાથી સલાહ મફત આપવામાં આવે છે. ડાકટરોની દવા કરી થાકેલાઓને આ દવાખાનું વિશ્રામસ્થાન છે. કારણુ સંગ્રહણી, દમ, ખાંસી, સુવારોગ, તેમજ સ્ત્રીઓને આશામાં વીધ્ન કરતાં તમામ દરદો વિગેરે જુના અને હઠીલાં દરદોને ટુંક સમયમાં મટાડીયે છીયે.

કેશર કસ્તુરીને માત્રામિશ્રિત વનસ્પતીમાંથી ખાસ બનાવેલી દિગવિજય **ટોનીક પીલ્સ.** ગોળી ૪૦ ની ડબીના રૂ. ૨—૦—૦	શિયાળા માટે **બદામપાક તથા સાલમપાક** તૈયાર છે અને તે દરેક માણસને ખાવા ભલામણ કરીયે છીયે.	સ્વાદિસ્ટ પ્રાચન **લવણુ ભાસ્કરચુર્ણ** હોજરીમાંથી થતાં તમામ દરદોને અટકાવે છે. દસ્ત સાફ લાવે છે. અરધા શેરના પેક ડબાના ૮ આના.

દવાખાનું ઠેઠ—ઠાકુરદ્વારરોડ, મુંબઇ નં, ૨. આજેજ મળો.

જાહેર ખબર.

-(૦)-

નીચે લખેલા પુસ્તકો શ્રી વિશ્વરંગ નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી મલશે. જેઓ સાહેબોને જોઈતી હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં વેલ્યુપેબલ અથવા, નોટપેડ કાગળ રાખવામાં આવશે નહીં

રૂકમીણી સ્વયંવર...	...	...	...	રૂા. ૦—૪—૦
સતી સવીતા	...	...	...	રૂા. ૦—૩—૦
અહલ્યાબાઇ	...	...	...	રૂા. ૦—૩—૦
શ્રી સિદ્ધ સત્યેન્દ્ર...	...	...	...	રૂા. ૦—૩—૦
ન્યાય સિંધુ	...	...	...	રૂા. ૦—૩—૦
ચંદ્રગુપ્ત	...	...	...	રૂા. ૦—૪—૦
સમ્રાટ અશોક	...	...	...	રૂા. ૦—૩—૦
આત્મબળ	...	...	...	રૂા. ૦—૨—૦
મહાત્મા તુલસીદાસ..		...	...	રૂા. ૦—૩—૦
યોગમાયા		...	...	રૂા. ૦—૩—૦

મીર હીમ્મતરામ કાળુભાઈ
મીર દાદુભાઇ મીઠાભાઈ
માલેકો:—શ્રી વિશ્વરંગ નાટક સમાજ.